RNI NO. GUJGUJ/2015/64872

# ધી ઓપન પેજ

SINCE - 1968

વિદ્યાર્થીઓનુ પોતાનું શૈક્ષણિક સામયિક

Vol.No-3, Issue No-11 TOTAL PAGE-4 Ahmedabad, Tuesday 05/06/2018

# માતાના વાત્સલ્ય જેટલો જ અમૂલ્ય પિતાનો પ્રેમઃ ફાધર્સ ડે

**જીવનની નાની નાની તકલીફમાં માતા યાદ આવે છે જ્યારે મોટી મુશ્કેલીમાં તો પિતા જ યાદ આવે અને સાથ આપે છે. પિતાની અંદરની અસ્વસ્થતા કોઇ જાણી શકતું નથી.**



જ્યોતિ પરમાર
'ધી ઓપન પેજ'

**પિતા પણ પોતાના બાળકો માટે જીવ આપી દેવા તૈયાર હશે. બાળકને કંઇ પણ થશે તો જેટલી પીડા માતાને થશે એટલી જ પીડા પિતાને થશે. બાળક સુખી થતુ હશે તો તેના માટે ગમે તેવા દુઃખોને પિતા મક્કમતાથી સહન કરી જશે.**

બાપુજી, પિતાજી, પપ્પા અને હવે ડેડી. સંબોધન ભલે કોઈપણ હોય પ્રેમ અને વાત્સલ્ય દરેક પાસેથી સરખું જ મળે છે. માતા અને પિતા. મમ્મી અને પપ્પા છે તો એક જ જગ્યાએ પરંતુ હંમેશા વધુ મહત્વ માતાને જ આપવામાં આવે છે. માતાના પ્રેમને જેટલો નોંધવામાં આવે છે. એટલો પિતાના પ્રેમની ક્યાંય નોંધ જોવા મળતી નથી. છતાં બાપુજીથી ડેડી સુધીની સફરમાં કોઇ ફરક આવ્યો નથી. માતાના પ્રેમને શબ્દો આપી આપણે તેને વર્ણવી શકીએ છીએ, જ્યારે પિતાનાં પ્રેમને શબ્દોમાં વર્ણવી શકતા નથી. એટલે કે પિતાનો પ્રેમ અવર્ણનીય હોય છે. બે સગા ભાઈઓ, બહેનો કે ભાઇ બહેન નાનપણમાં એકબીજા સાથે મસ્તી કરતાં હોય ત્યારે સાંભળીયે તો ખ્યાલ આવશે કે બંને 'ના એ તો મારા પપ્પા છે...' તો બીજુ પણ એ પ્રમાણે જ કહેતુ હોય 'ના એ તો મારા પપ્પા છે...' આવું ભાવ વાચક અભિવાદન પિતાના માટે સાંભળવા મળે છે.

પિતા બાળકોનાં જીવનમાં તેમના પડછાયા સમાન હોય છે. સુખ હોય કે દુઃખ પિતારૂપી પડછાયો બાળકોનો સાથ નથી છોડતો. ભગવાને જેટલા વાત્સલ્યથી માતાને બનાવી તેટલા જ વાત્સલ્યથી પિતાને બનાવ્યા છે. એક વાર્તા દ્વારા તેને સમજવા પ્રયત્ન કરીએ. ભગવાન પિતાની રચના કરી રહ્યાં હતાં, પિતાનો ચહેરો બનાવવાનાં છેલ્લા તબક્કામાં હતાં. ભગવાને ચહેરો દ્રઢ, ગંભીર અને કડક ભાવવાળો બનાવ્યો. આ રીતનો ચહેરો જોતા દેવદૂત પૂછી બેઠા. 'ભગવાન, પિતાનો ચહેરો માતાનાં ચહેરાની તુલનામાં ન જ આવે!' આ વાતનાં જવાબમાં ભગવાને પિતાના ચહેરાની બંને આંખોમાં એક એક આંસુ મૂક્યું. આંસુ મૂકતાની સાથે જ દ્રઢ, ગંભીર અને કડક ચહેરો ભાવવાહી બની ગયો, અને આંખોમાં કરૂણા છલકાઇ આવી.

ત્યારબાદ ભગવાન જવાબ આપતા દેવદૂતને કહે છે, જો! પિતા પણ માતા જેટલો જ પ્રેમ પોતાના બાળકોને કરશે. માતા જેટલી જ કરૂણા મેં પિતાના હ્રદયમાં મૂકી છે. પિતા પણ પોતાના બાળકો માટે જીવ આપી દેવા તૈયાર હશે. બાળકને કંઈ પણ થશે તો જેટલી પીડા માતાને થશે એટલી જ પીડા પિતાને થશે. બાળક સુખી થતુ હશે તો તેના માટે ગમે તેવા દુઃખોને પિતા મક્કમતાથી સહન કરી જશે. માતાની જેમ તે પોતાનું મન ભલે નહી ખોલે પરંતુ પ્રેમની નદી હંમેશા વહેતી રહેશે. આ આંસુ તે માટેની ખાતરી કરવા માટેની નિશાની છે.

પિતા પાસે સંયમની દિવાલ હોય છે. ગમે તેવા દુઃખને તે સંયમથી સહન કરી લે છે. માતા જીવનની દરેક સગવડ આપે છે. પરંતુ આ દરેક સગવડ પિતાની આજીવિકાની વ્યવસ્થા વગર શક્ય બનતુ નથી જે આપણે ખુબજ સહજતાથી ભૂલી જઈએ છીએ. પિતાથી ઘરનું અસ્તિત્વ હોય છે. માતા હોવાના અસ્તિત્વને પિતાના હોવાથી જ અસ્તિત્વ મળે છે. માતા પોતાના પ્રેમને વહાલથી, વખાણ કરી, આશીષ આપી વ્યક્ત કરે છે. જ્યારે પિતા પોતાનો પ્રેમ તેમને ગમતી વસ્તુ લાવી આપી વ્યક્ત કરે છે. જીવનની નાની નાની તકલીફમાં માતા યાદ આવે છે જ્યારે મોટી મુશ્કેલીમાં તો પિતા જ યાદ આવે અને સાથ આપે છે. પિતાની અંદરની અસ્વસ્થતા કોઈ જાણી શકતું નથી. ખરેખર પિતાનાં સ્વભાવને ઓળખવામાં બાળકો થોડી ભૂલ કરે છે. પિતાના સ્વભાવથી અમુક બાળકો ડરે છે. તો અમુક મિત્રની જેમ વર્તન કરતા હોય છે. જે પિતાનો સ્વભાવ કડક હોય છે તેમના ઘરનું અનુશાસન વધુ જોવા મળે છે. અને જે પોતાના પિતાને મિત્ર સમજે છે. તેઓ કોઈ પણ વાત સીધી જ આરામથી પિતાને કહે છે. પિતાનો પ્રેમ બાળકો માટે વિશેષ હોય છે. સંસારમાં માતાનું સ્થાન જો કોઈ લઈ શકતુ હોય તો તે પિતા છે. છોકરાઓ માટે પિતા તેમના જીવનના હીરો અને છોકરીઓને તેમનો પ્રથમ પ્રેમ હોય છે.

જે પિતા તમારા માટે એટલુ બધુ કરતાં હોય તેમના માટે આ ફાધર્સ ડે પર તેમને કંઈક ગમતું કરીને ફાધર્સ ડે ની વિશેષ ભેટ આપીએ. અને આપણા પ્રેમનો તેમને અહેસાસ કરાવીએ.





રાજેશ ધામેલિયા
શિક્ષક, સુરત



# વિશ્વનો સૌથી મોટો રમતોત્સવ એટલે "ઓલિમ્પિક રમતોત્સવ"

ઓલિમ્પિક રમતોત્સવનો પ્રારંભ ઈ.સ. પૂર્વે ૭૭૬માં જૂન-જુલાઈ મહિનામાં પૂનમના દિવસે ઓલિમ્પિયાના મેદાનમાં ૨૦૦ મીટર દોડથી થયો હતો. ઈ.સ. પૂર્વે ૭૭૬થી ઈ.સ. ૩૯૪ સુધીમાં ઝિયસ નામે દેવને રાજી રાખવા દર ચાર વર્ષે આ રમત યોજાતી. ઈ.સ. ૩૯૪માં તે સમયનાં સમ્રાટ રાજા થિયોડોસિયાએ ઓલિમ્પિક પર પ્રતિબંધ મૂકી દીધો.

વર્ષો પછી ફ્રાંસનાં બૈરન-દ-ક્બરટીને તા. ૨૩-૬-૧૮૯૪નાં રોજ ફરીથી આંતરરાષ્ટ્રીય ઓલિમ્પિક કમિટીની સ્થાપના કરી. આથી ૨૩ જૂન "આંતરરાષ્ટ્રીય ઓલિમ્પિક દિવસ" તરીકે ઉજવાય છે. આધુનિક ઓલિમ્પિકની પ્રથમ સ્પર્ધા એથેન્સનાં ગ્રીસ શહેરમાં ઈ.સ. ૧૮૯૬માં યોજાઈ. યુનાનનાં રાજા જ્યોર્જ પહેલાએ તા. ૬-૪-૧૮૯૬નાં રોજ રમતોનો પુનઃપ્રારંભ કરાવ્યો હતો.

## આંતરરાષ્ટ્રીય ઓલિમ્પિક દિવસ

વિશ્વનાં પાંચ ખંડોને અભિવ્યક્ત કરતું પાંચ વલયોથી બનેલું ઓલિમ્પિકનું પ્રતિક છે. જેમા એશિયા, યુરોપ, આફ્રિકા, અમેરિકા અને ઓસ્ટ્રેલિયાનો સમાવેશ થાય છે. ઈ.સ. ૧૮૯૬માં યોજાયેલ પ્રથમ ઓલિમ્પિકમાં, રમતોત્સવમાં અમેરિકા, એશિયા સહિત ૧૨ દેશનાં ૨૪૧ ખેલાડીઓએ ભાગ લીધો હતો. છેલ્લો ઓલિમ્પિક રમતોત્સવ ઈ.સ. ૨૦૧૬માં બ્રાઝિલમાં યોજાયો હતો. જેમા વિશ્વનાં ૨૦૦થી વધુ દેશનાં ૧૧૩૦૩ ખેલાડીઓએ ભાગ લીધો હતો. આગામી ઓલિમ્પિક ઈ.સ. ૨૦૨૦ ટોકિયો જાપાનમાં યોજાશે.

ઓલિમ્પિકનું ધ્યેય વાક્ય છે. Heudiatris citius, Altius, Fortius, which is latin for "Faster, Higher, Strouger" અર્થાત વધુ ઝડપી, વધુ ઉન્નત, વધુ સશક્ત.

ઓલિમ્પિક રમતોત્સવ વિશ્વભરનાં રમતવીરોને પ્લેટફોર્મ પુરૂ પાડે છે. દર ચાર વર્ષે જુદા-જુદા દેશોમાં ઓલિમ્પિક મહોત્સવ યોજાય છે. પ્રથમ વિશ્વ યુદ્ધને કારણે ૧૯૧૬માં અને બીજા વિશ્વ યુદ્ધને કારણે ૧૯૪૦ અને ૧૯૪૪માં ઓલિમ્પિક રમતોત્સવ યોજાયો ન હતો. તેમજ ઈ.સ. ૧૯૮૦ અને ૧૯૮૪માં યોજાયેલ ઓલિમ્પિક રમતોત્સવમાં શીતયુદ્ધ (Cold war) ને કારણે ઓછા ખેલાડીઓએ ભાગ લીધો હતો.

ઈ.સ. ૧૯૯૬થી ઈ.સ. ૨૦૧૬ સુધીમાં યોજાયેલ ઓલિમ્પિક રમતોત્સવમાં ભારતનાં ખેલાડીઓ ઈ.સ. ૧૯૦૦થી ભાગ લઈ રહ્યાં છે. આજ સુધીમાં ભારત દેશનાં તમામ રમતવીરોને ગણીને ૯ ગોલ્ડ,



૭ સિલ્વર અને ૧૨ બ્રોન્ઝ એમ કુલ ૨૮ મેડલ્સ પ્રાપ્ત કર્યાં છે. આંતરરાષ્ટ્રીયક્ષેત્રે ભારતનું નામ રોશન કરનારાઓને અભિનંદન સાથે સાથે એક વાત એ પણ વિચારવાની જરૂર છે કે ભારતનાં કુલ મેડલ જેટલા જ મેડલ અમેરિકાનાં સ્વિમર માઈકલ ફલેપ્સે ૨૩ ગોલ્ડ મેડલ્સ સાથે કુલ ૨૮ મેડલ્સ મેળવ્યા છે.

એક તરફ માત્ર એક ખેલાડી બીજી તરફ ૧૨૫ કરોડની વસતી ધરાવતો દેશ ! તેમ છતાં ૨૩ ગોલ્ડની સામે માત્ર ૯ ગોલ્ડ મેડલ્સ, આપણે ખેલ મહાકુંભ, ખેલે ઈન્ડિયા વગેરે શીર્ષક હેઠળ રમતોત્સવનું આયોજન કરીએ છીએ.

વર્ષ દરમિયાન દેશભરમાં અનેક વિધ રમતોત્સવનું આયોજન થાય છે. આમ છતાં આપણે ઘણુ કરવાનું બાકી છે. તેની સાબિતી આપણે ઓલિમ્પિકમાં મેળવેલ સિદ્ધિ જણાવે છે.

# એડવર્ડ સેગુઇન મૂઢ બાળકોના સમાવેશન માટેની કેળવણી



પ્રવિણ કે. મકવાણા
આચાર્ય, ભાવનગર

**આંખોની સ્થિરતા માટે જુદા જુદા પ્રકાશમાં ઉભા રાખીને વિવિધ આકૃતિઓ બતાવવી, કેલિડોસ્કોપનાં વિવિધ પ્રયોગો કરાવવા વગેરે વગેરે. બાળકને સ્થિર રાખ્યાં પછી શિક્ષક દ્વાર તીવ્ર એકાગ્ર દ્રષ્ટિથી જોયા કરવું. આંખમાં સ્થિર થતાં રંગોને જોવા વગેરે કસરત કરાવવામાં આવતી હતી.**

'પ્રત્યેક બાળકની વિવિધતાસભર જરૂરિયાતોને ધ્યાને લઇને તેઓની અધ્યયન અને અધ્યાપનમાં સહભાગીદારી વધારવી, તેમજ જે તે દેશની સંસ્કૃતિ, સમાજ અને શિક્ષણમાંથી તેમના વંચિતપણાને ઘટાડવાની એક પ્રક્રિયા એટલે શિક્ષણમાં સમાવેશન' આ કેળવણીની વિચારધારા એડવર્ડ સેંગુઇએ આપી હતી.



સેગુઇનનો જન્મ ઇ.સ. ૧૮૧૨માં ફ્રાંન્સના કેલેન્સી નામના ગામમાં થયો હતો. તેમણે ૨૫ વર્ષની ઉંમરે એક મૂઢ છોકરાને કેળવવા માટેનું બીડુ ઝડપી લીધું. લગભગ ૧૮ થી ૨૦ મહિના ખૂબજ મહેનત કરી શિક્ષણ આપ્યું. આ મહેનત કરી ત્યારે આ છોકરો માંડ માંડ વસ્તુઓની ઓળખ અને પરખ શીખ્યો. આ પ્રયોગ પછી સેગુઇનને એક નવિન વિચાર આવ્યો. જે મૂઢ બાળકો માટે એક શાળા શરૂ કરવાનો હતો. સેગુઇને જે કેળવણી આપી તે મુખ્યત્વે બે પ્રકારે વહેંચી શકાય છે.

**(૧)ક્રિયાતંતુઓ અને ઇન્દ્રિયોની તથા બુદ્ધિ અને નીતિ વિષયક કેળવણી.**

મૂઢ અને સમસાધારણ બાળકોની શક્તિઓ વચ્ચે તફાવત એ છે કે કેળવણીના અભાવે મૂઢ બાળકોની શક્તિઓ અવિકસિત રહી છે. આ બાળકોને કેળવણી આપવા માટે સેગુઇને જે સાધનોની રચના કરી છે તે આ મૂઢ બાળકોને ખૂબજ મદદરૂપ બની છે. સેગુઇને લીટા તાણવા, લીટા પર ચાલવાની રમત, દોરડા પર સંગીત સાથે ચાલવું, નિસરણી પર ચાલી અંગ કસરત કરવી, હીંચકાઓ ખાવા, જે બાળકોનાં હાથ-પગનાં સ્નાયુઓ નબળા છે. તેમને તે પ્રમાણે કસરત આપવી. જે મૂઢ બાળકોનાં ક્રિયાતંતુઓ નબળી સ્થિતિમાં હોય તેને ચેતનવંતા બનાવવા જુદી-જુદી કસરત આપવી. જે કોઇ મૂઢ બાળકોની સ્પર્શેન્દ્રિય જડ કે મંદ હોય, જેને સ્પર્શથી પણ ખ્યાલ ન આવતો હોય તેને વિવિધ કામ સોંપીને સ્પર્શેન્દ્રિય મજબૂત બનાવવા માટે પ્રયત્ન કરવામાં આવતો હતો. જેની સ્પર્શેન્દ્રિયો અત્યંત કોમળ હોય તેમને ઇંટો ઉપાડવી, યોગ્ય જગાએ મૂકવી. પાવડા તેમજ કોદાળીથી ખોદવાનું કામ કરાવવું. જેની સ્પર્શેન્દ્રિય અત્યંત જડ હોય તેને સુવાળા અને પોલીસ કરેલા પદાર્થો કે ચીજોનો સ્પર્શ કરાવવામાં આવે છે. જેમની ધ્રાણેન્દ્રિય જડ હોય તેમને સ્વચ્છ હવામાં ફરવા લઇ જવા, ફૂલો સુંઘાડવા વગેરેની કેળવણી આપવામાં આવે છે. કર્ણેન્દ્રિય ખરાબ હોય તેમને જુદા જુદા અવાજ સંભળાવવામાં આવે છે. જેમકે બંદૂક ફોડવી, પાણીનો ખળખળ અવાજ સંભળાવવો, કોઇકને સંગીત સંભળાવવું વગેરે વગેરે. આમ મંદ મતિવાળા બાળકોને પણ સંગીત દ્વારા જાગૃત બનાવવામાં આવતાં હતાં. આંખોની સ્થિરતા માટે જુદા જુદા પ્રકાશમાં ઉભા રાખીને વિવિધ આકૃતિઓ બતાવવી, કેલિડોસ્કોપનાં વિવિધ પ્રયોગો કરાવવા વગેરે વગેરે. બાળકને સ્થિર રાખ્યાં પછી શિક્ષક દ્વાર તીવ્ર એકાગ્ર દ્રષ્ટિથી જોયા કરવું. આંખમાં સ્થિર થતાં રંગોને જોવા વગેરે કસરત કરાવવામાં આવતી હતી. કાર્ડ અને ચિત્રો ગોઠવવા, ગોળ, ત્રિકોણ કે ચોરસ જેવી આકૃતિઓ દોરવી અને વિવિધ પ્રકારની વસ્તુઓની ઓળખ કરવી. શિક્ષક કાળા પાટીયા પર જુદી-જુદી લીટીઓ તાણે, બાળકોને દોરાવે, લીટીઓમાંથી ચિત્ર દોરાવે, આમ આ બધુ કેળવાય પછીથી જ લેખન શરૂ થાય છે. અનુકરણ પદ્ધતિથી ચિત્રનું શિક્ષણ શરૂ કરવામાં આવતું હતું.

બાળકોનો બૌદ્ધિક વિકાસ થાય તે માટે વાંચન અને ગણિતનું શિક્ષણ સ્મૃતિની વિવિધ કસરતો દ્વારા અપાય છે. નીતિ શિક્ષણ બાળકોને વાતાવરણ અને આસપાસનાં ભાવાવરણમાંથી આપવામાં આવે છે. પર્યાવરણમાંથી સમજ કેળવાય તેવા પ્રસંગો નિર્માણ કરવામાં આવે છે. સેગુઇનના કેળવણીનાં સિદ્ધાંતો અને શૈક્ષણિક ફલીતાર્થ.

(૧)સેગુઇનનો પહેલો સિદ્ધાંત છે. વ્યક્તિત્વ ઓળખ અને માપન. આ સિદ્ધાંત પ્રમાણે આપણને વર્ગમાં બધા જ બાળકો એક સરખા લાગે છે. દરેક બાળક અલગ અલગ અગણિત ભેદો લઇને આપણી સામે આવે છે. આ બધુ ખૂબજ સૂક્ષ્મ દ્રષ્ટિથી જોઇને વલણો તપાસવામાં આવે છે. તેના ગુણો-અવગુણો ચકાસીને યોગ્ય પ્રવૃત્તિ સોંપીને માપન કરવામાં આવે છે. મૂઢ બાળક કેવી રીતે વિચારે છે ? કેવી રીતે સમજે છે ? આ બધુ ઓળખીને – માપીને બાળકનાં શિક્ષણની વ્યવસ્થા કરવામાં આવે છે. શુ કરવાથી મૂઢ બાળકમાં રહેલી અપૂર્ણતા દૂર કરી શકાય તે માટે અનુકૂળતા કરી આપવામાં આવે છે. આ અનુકૂળતાઓ પૂરી પાડવાની જવાબદારી શિક્ષકે અને જે તે શાળાએ નિભાવવાની છે. દેખાવે કે મૂઢતા ભલે એક જેવી લાગે પણ દરેક બાળકની શક્તિ અલગ અલગ હોય છે. અપૂર્ણતાને પૂર્ણતામાં પરિવર્તન લાવવાનું કામ જ શિક્ષકે કરવાનું છે.

(૨)સેગુઇનનો બીજો સિદ્ધાંત છે. બાળકનાં વ્યક્તિત્વને માન આપવું. દરેક બાળક પોતાના જીવનની પ્રત્યેક ક્ષણ અનુભવે. સમજે, વિચારે, ક્રિયા કરે અને શીખે આ એક આખો ક્રમ છે. ધીમે ધીમે શરીર અને મનને કેળવીને વ્યક્તિત્વનો વિકાસ કરવાનો છે. બધા બાળકોને સમૂહમાં શિક્ષણ એક સાથે આપી શકાતુ નથી. બાળકનાં મનો વલણો જાણ્યા વિના સમૂહમાં શિક્ષણ આપવાનો સેગુઇન વિરોધ કરતા હતાં.

મોન્ટેસરીની વિચારધારા પ્રમાણે સંસાધનો વિકસાવીને શિક્ષણ આપવાની વાત સેગુઇને કરી છે. બાળકોની માનસિક સ્થિતિ અને શિક્ષકનો અનુભવ આ બધુ કેળવણી જ છે. સાધારણ બાળકોને તેમની વય કક્ષા પ્રમાણેના બાળકો જેવા બનાવવા આ પણ એક સમાવેશન છે. શિક્ષણમાં હાલ આવું વંચિતપણુ ઘટાડીને સમાનતા લાવવી એ એક મહાન કાર્ય છે. આથીજ મોન્ટેસરી કહેતા કે, 'She is of the opinion that education must help in the complete unfolding of the child's individuality. Suitable environment should be provided so that the child may grow and develop the potentialities that he has within him.'

**સંદર્ભઃ**
(૧)સેગુઇનની શૈક્ષણિક વિચારધારા લે, ડો. બેલાબહેન શાહ, જીવન શિક્ષણ ઓગસ્ટ-૨૦૧૬
(૨)Theory and principles of education J.C. Aggarawal, vikas publishing house pvt. ltd.
(૩)પ્રાથમિક શાળામાં શિક્ષક લે, ગિજુભાઇ, નૂતન બાલશિક્ષણ સંઘ, ભાવનગર.

# હંમેશા હકારાત્મક વિચારો – વાલીગણ શિક્ષકગણ પર વિશ્વાસ રાખો



સચવારા નિમિષા,
આચાર્ય, અમદાવાદ

*પૂ. વિનોબા ભાવેના શબ્દોમાં..*
*શીલવાન સાધુ હોય છે*
*પ્રજ્ઞાવાન જ્ઞાની હોય છે*
*કરૂણાવાન 'મા' હોય છે પરંતુ*
*આચાર્ય (શિક્ષક) સાધુ, જ્ઞાની*
*અને માં હોય છે !*

હું એક શિક્ષક આત્મા છું. આજના વિદ્યાર્થીઓ આવતી કાલનાં સક્ષમ નાગરિક છે. એ સક્ષમ નાગરિકનાં સંસ્કાર સમાજ, માતા-પિતા અને શાળામાંથી જ મળે છે. મારા અનુભવ પરથી એક પ્રસંગ મારી કલમ મજબૂર થઇને આપની સમક્ષ રજૂ કરૂ છું.

એક વખત એવું બન્યું કે એક ગણિત શિક્ષકે એક વિદ્યાર્થીની બેસવાની બેઠક બદલી વિદ્યાર્થીએ ઘરે જઇને એના માતા-પિતાને જણાવ્યું. બીજા દિવસે તરત જ તેના માતા-પિતા ફરિયાદ લઇને શિક્ષક પાસે આવ્યાં. શિક્ષકે નમ્રતાથી સમજાવ્યું કે તે બહુજ વાતો કરે છે. તેથી બીજા વિદ્યાર્થીઓને ખલેલ પડે છે. આખા વર્ગખંડમાં ખલેલ પડે છે. એટલે જ એની જગ્યા બદલી છે. બાળક પ્રત્યે કોઇજ પૂર્વગ્રહ નથી. આમ છતાં વાલીએ વાત પકડી રાખી શિક્ષક પણ તેમના મત પ્રમાણે અડગ રહ્યાં. આથી વાલી (માતા-પિતા) આચાર્ય પાસે આવ્યાં. આચાર્યે શાંતિથી તેમની વાત સાંભળી પછી શાળાનાં કલાર્કને બોલાવીને કહ્યું કે આ વિદ્યાર્થીનું સર્ટિફિકેટ કાઢી આપો. એમને શિક્ષક સામે ફરીયાદ છે. જેની પાસે એને ભણવાનું છે, એના પ્રત્યે શ્રદ્ધા ના હોય તો એ ભણશે જ કેવી રીતે ? વાલી છોભીલા પડી ગયાં, માફી માંગી, શિક્ષક પાસે જઇને દિલગીરી વ્યક્ત કરી. જ્યાં શિક્ષકોને સાચી બાબતમાં અભય મળે ત્યાં તેઓ પોતાની નિષ્ઠામાં અધૂરપ કેમ આવવા દે ?



વાલી મિત્રો, આજે એજ વિદ્યાર્થી Armi Officer છે. તેનુ મને ખૂબજ ગર્વ છે.

અને અંતે, એક ચિંતકે કહ્યું છે કે જ્યારે તમને બધુજ તમારી વિરુદ્ધ જતુ લાગે ત્યારે પણ પ્રામાણિકતાનો રાહ છોડશો નહીં. સંભવ છે કે તમારી પ્રામાણિકતાની એ અંતિમ કસોટી પણ હોય !




મોટું અને છોટું બન્ને ખાસ મિત્રો હતા. એક વાર છોટુંએ મોટુંને કહ્યું 'હાલને હવે તો આપણે વેકેશન પડી ગયું છે. જંગલમાં ફરવા જઇએ છોટું અને મોટું વહેલી સવારે ફરવા માટે નીકળી ગયા. ફરતા ફરતા જંગલ આવ્યું. જંગલમાં તો લીમડો, આવળ, બાવળ, બોરડી, ખીજડો, પીપર, આવા કેટલાંય અવનવાં નાનામોટા ઝાડવાં જોઇ છોટું અને મોટું તો દંગ રહી ગયાં. છોટું તો કહેવા લાગ્યો' હે મોટું મારા ઘરે તો આવું એકેય ઝાડ નથી અમારી આખી સોસાયટીના છેડે રોડની બાજુમાં બે ઝાડ હતાં. એમાંથી એક ઝાડ કોઇકે કાપી નાંખ્યું છે બસ, હવે તો એક જ ઝાડ બચ્યું છે. આ સાંભળી મોટું બોલ્યો' તારી વાત સાચી છે છોટું, મારી સોસાયટીમાં તો પહેલા દશ જેટલા ઝાડવા હતા. ગયા વર્ષે એક નવું કોમ્પ્લેક્ષ બનતાં બધાં જ ઝાડવાં કાપી નાંખ્યા હતા. હવે તો ત્યાં એક પણ ઝાડ નથી. હું ઉનાળા વેકેશનમાં ઝાડ નીચે કુલ્ફી ખાતો હતો તે ઝાડ પણ હવે નથી. છોટું કહે મોટું આપણે આપણાં પર્યાવરણમાં તો ભણીએ છીએ કે જો ઝાડ નહીં વાવીએ તો ધરતીમાતા બંજર બની જશે, વરસાદ તો સાવ ઓછો થઇ જશે, આપણે ચોખ્ખી હવા પણ શ્વાસમાં લઇ શકીશું નહીં. મોટું અને છોટું બંનેએ શહેર જઇ પહેલાં તો નક્કી કર્યું કે આપણે વેકેશન ખુલે ત્યારે શાળાએ જઇશુ અને આપણાં બધાં જ ભાઇબંધોને આ જંગલની વાત કહીશું. દરેક મિત્ર બે ઝાડ પોતાના ઘરની સામે વાવશે. સોસાયટીના મુખ્ય રસ્તાની બંને બાજુએ ઝાડ વાવીશું. ઝાડની ફરતે કાંટાની વાડ કરીશું અને માવજત કરી ઝાડ મોટું કરીશું. શાળાએ જઇ આપણાં મેદાનની દીવાલ ફરતે ઝાડવાં રોપીશું. આમ આપણે આ ઝાડ વાવવાની વાત સોસાયટી, શાળાએ અને આખા શહેરમાં ફેલાવીશું તો આખું શહેર જંગલ બની જશે.

વૈધાનિક સુચનાઃ ધી ઓપન પેજ, મંથલી ન્યુઝ પેપરમાં પ્રકાશિત સામગ્રીમાં લેખકોના પોતાના વિચાર છે. સંપાદક તથા પ્રકાશક એ સાથે સહમત હોય તે જરૂરી નથી.
ધી ઓપન પેજની સમાચાર સંબંધિત બધા જ વાદ – વિવાદ પ્રકાશન તારીખથી ૩ (ત્રણ) માસની અંદર માત્ર અમદાવાદ ન્યાયક્ષેત્રમાં થઇ શકશે.






# વોટ્સએપનો સુરક્ષિત ઉપયોગ



તેજસ ઠક્કર
IT EXPERT
www.tejasthakkar.com

મોટાભાગના સ્માર્ટ ફોન યુઝર્સ વોટ્સએપનો ઉપયોગ કરે છે. વળી, આજની યુવા પેઢી તો મોબાઇલ કોલિંગ કે એસ.એમ.એસ. ની જગ્યાએ વોટ્સએપ કોલિંગ કે વોટ્સએપ ટેક્સ્ટનો જ ઉપયોગ કરે છે. વોટ્એપની મફત સોશિયલ મીડિયા આધારિત ટેક્સ્ટ, ઓડિયો, વિડિયોસ ડોક્યુમેન્ટ તેમજ વિડિયો કોલિંગની સાથે પેમેન્ટ પ્રકારની અધધ કહી શકાય તે પ્રકારની સુવિધાનો ઉપયોગ ટેકી યુઝર્સ ચોક્કસથી કરતા જોવા મળે છે. પરંતુ જરા થોભો !!! મફતમાં ઉપલબ્ધ આ સુવિધા હેઠળ ક્યાંક તમારા ડેટાનો દુરપયોગ તો નથી થઇ રહ્યો ને ? ફેસબુક ડેટા લીંકનો મામલો થાળે પડ્યો નથી. ત્યાં વળી પાછો વોટ્સએપનો ડેટા પણ ફેસબુકની જેમ લીક થઇ રહ્યો હોવાના સમાચારે અનેક વોટ્સએપ યુઝર્સને ચિંતામાં મૂકી દીધા છે. કોઇપણ મોબાઇલ એપનો ઉપયોગ કરવાની ઉતાવળમાં તેમાં આપવામાં આવતી શરતોને પૂરી વાંચ્યા વિના Next-Next કે પછી Yes Yes આપવાનું શું પરિણામ આવી શકે છે. તે મહામંથન માંગીલે તેવી બાબત છે!!! ગુગલ, ફેસબુક કે ટ્વીટર પ્રકારની વેબસાઇટ કે સોશિયલ નેટવર્કિંગ આધારિત એપ્સ પોતાની સુવિધા મફતમાં આપે છે, પરંતુ સામે પક્ષે શરતોને આધીન આપણા ડેટાનો સંગ્રહ તેમજ તેનો ઉપયોગ (કે દુરપયોગ) કરવાનો અધિકાર પણ મેળવી લે છે. હવે, આ પ્રકારની સ્થિતિમાં યુઝર્સ સાવચેત બને તેમજ સુરક્ષિત થવા માટેનાં પગલાંઓને અનુસરે તે એક માત્ર વિકલ્પ છે!!! પ્રસ્તુત આર્ટીકલમાં આપણે વોટ્સએપનો સુરક્ષિત ઉપયોગ કરવા બાબતે ચર્ચા કરીશું.

- વોટ્સએપને સુરક્ષિત કરવા માટેનું સૌ પ્રથમ પગલું તેને નિયમિત રીતે અપડેટ કરવાનું છે. તેના અપડેટેડ વર્ઝનમાં સુરક્ષાને લગતી અદ્યતન બાબતોનો સમાવેશ કરવામાં આવે છે.
- વોટ્સએપને સુરક્ષિત કરવાનું બીજુ અને સૌથી મહત્વનું પગલું તેમાં End-to-End એન્ક્રિપ્શન સુવિધાને એકટીવ કરવાનું છે. વોટ્સએપમાં Settings – Account – Security વિકલ્પ હેઠળ ઉપલબ્ધ Show Security Notifications વિકલ્પને Enable કરી દો. આ સુવિધાને એકટીવ કરવાથી જ્યારે End-to-End એન્ક્રિપ્શન હેઠળ સિક્યોરીટી કોડ ચેન્જ કરવામાં આવશે કે સંદેશાને વચ્ચેથી આંતરીને કોઇપણ પ્રકારનો ફેરફાર કરવામાં આવશે તો તે અંગેની જાણકારી આપવામાં આવશે. ટૂંકમાં, આ સુવિધાને એકટીવ કરવા માત્રથી તમારા સંદેશાઓ અને વોટ્સએપ કોલ્સને End-to-End એન્ક્રિપ્શન પુરૂ પાડવામાં આવશે. અને આ સુવિધામાં જણાવ્યા મુજબ વોટ્સએપ કે અન્ય કોઇપણ થર્ડ પાર્ટી તેને વાંચી કે સાંભળી શકશે નહીં!!!
- વોટ્સએપમાં ઉપરની બાજુ જમણી તરફ આવેલા ત્રણ ટપકાંમાં ઉપલબ્ધ Settings માં Account હેઠળ Two-step ને Enable કરી દો. આ સુવિધા હેઠળ તમારા વોટ્સએપ નંબર હેઠળ નવેસરથી રજીસ્ટ્રેશન કરવામાં આવશે. તો ટુ-સ્ટેપ વેરીફિકેશન હેઠળ PIN નંબર માંગવામાં આવશે. અને સુરક્ષા પૂરી પાડવામાં આવશે.
- વોટ્સએપમાં Settings – Account – Privacy વિકલ્પ હેઠળ ઉપલબ્ધ Last seen, profile, Photo, About, Status, Live location પ્રકારનાં વિકલ્પ માટે Everyone ની જગ્યાએ My contacts કે Nobody વિકલ્પ હેઠળ મર્યાદિત કરીને સુરક્ષા મેળવી શકાય છે.
- કોઇ યુઝર્સે તમને મોકલેલ સંદેશ તમે જોઇ લીધો છે. તે દર્શાવતી બ્લૂ રંગની ટીક માર્ક ન થાય તે માટે Settings – Account – privacy વિકલ્પ હેઠળ Read receipts નાં ટીકમાર્કને દૂર કરી દો. જો કે આમ કરવાથી તમને પણ સામેની વ્યક્તિએ મોકલેલો સંદેશો વાંચ્યો કે નહિ તેની બ્લૂ રંગની ટીકમાર્ક જોવા નહિ મળે તે ધ્યાનમાં રાખશો.
- વોટ્સએપમાં અજાણ્યા યુઝર્સ દ્વારા મોકલવામાં આવતાં મેસેજથી બચવા માટે તેને Block કરી શકાય. આ પ્રકારનાં બ્લોક કરેલાં નંબર્સ Settings – Account – privacy વિકલ્પ હેઠળ Blocked contacts હેઠળ જોવા મળે છે.
- 'ચેતતા નર સદા સુખી' કહેવતને અનુરૂપ મોબાઇલનો ઉપયોગ કરવામાં આપણે પોતે જ સુરક્ષાનાં પગલાં ભરવા પડશે.. અન્યથા આપણાં અંગત ડેટાનો દુરુપયોગ થઇ રહ્યો હોવાનાં દિવસો આવી ચૂક્યાં છે.

આજ પ્રકારની ટેકનોલોજીને લગતી બાબતો સાથે ટેકનોલોજીની દુનિયા હેઠળ The Open Pageનાં માધ્યમથી ફરી મળીશું. નવા વિચાર અને નવા ટેકનોલોજીને લગતા મુદ્દા સાથે.. અને હા..આપના અમૂલ્ય સુચનો The Open Pageનાં માધ્યમ થકી મોકલતા રહેશો.



# તાકાતનાં ત્વરીત



સર્વ શક્તિમાન સર્જન, વનસ્પતિ અને પ્રાણી સૃષ્ટિ, આપણને માત્ર આહાર અને આશ્રય આપતા નથી, પણ વસ્તુઓને શોધવાની પ્રેરણા પણ આપે છે. જેણે મનુષ્યને આરામ દાયક જીવન આપ્યું. તેમના સુંદર વસવાટોનું નિરીક્ષણ અને અન્વેષણ, કરતા લાગતુ કે પ્રારંભિક સમયનો માણસ, એક સ્થળેથી બીજા સ્થળે સ્થળાંતર કરવા અને ઉડાનનું તેમનું સ્વપ્ન પુરૂ કરવા સક્ષમ હતાં. તે આશ્ચર્યકારક નથી કે આ જીવો આપણને મૂલ્યવાન કંઇક શીખવી શકે!!! સ્થળાંતર એક કુદરતી પ્રક્રિયા છે. જેમાં વિવિધ પક્ષીઓ હજારો કિલોમીટર ઉડે છે, જેથી તેમને ખોરાક, સંવર્ધન અને ઉછેર માટે શ્રેષ્ઠ ઇકોલોજીકલ પરિસ્થિતિઓ અને આશ્રય સ્થાનો શોધી શકે છે.

**જો એક પક્ષી આ ઝોનમાં ઉડે છે, તો તેને હવામાંથી મફત લિફ્ટ મળે છે. એટલા માટે નેતાને પગલે પક્ષીઓ તેમની પાંખોને વારંવાર ફફડાવે છે. અને તેઓ નેતા સાથે સરકાઇ શકે છે.**

### સ્થળાંતર વિશેની હકીકતો :

૧. માયગ્રેટ્રી પક્ષીઓને ખબર છે કે સ્થળાંતર કેવી રીતે કરવું અને ઘરે પાછા કેવી રીતે ફરવું. તેઓ પોતાનો માર્ગ શોધવા માટે તારાઓ, સૂર્ય અને પૃથ્વીનાં ચુંબકવાદનો ઉપયોગ કરે છે.

૨. પક્ષીઓ પોતાને લાંબા પ્રવાસ માટે તૈયાર કરે છે. તેઓ ચોક્કસ ખોરાક અને અનામત સાથે શરીરમાં ચરબી બિલ્ડ કરે છે.

૩. ઘણા પક્ષીઓ રાત્રે કૂદકાં લગાવતા હોય છે. જ્યારે હવા ઠંડી પડે છે અને ઠંડક દૂર કરવાની જરૂર પડે છે. તેમની દશ્યતા ઓછી છે.

૪. પક્ષીઓ દર વર્ષે એ જ સ્થળાંતર માર્ગોનું પાલન કરે છે, તેમની તીવ્ર દષ્ટિથી તેઓ તેમના પ્રવાસને મેપ કરી શકે છે. વિવિધ જમીન સ્વરૂપ અને ભૌગોલિક લક્ષણો જેમકે નદીઓ, દરિયા કિનારો અને પર્વતમાળાઓ યોગ્ય દિશામાં સહાય કરે છે.

૫. પક્ષીઓ કે જે રાત્રે સ્થળાંતર કરે છે, તે તારાની સ્થિતિનો ઉપયોગ કરે છે. અને દિવસ દરમ્યાન સૂર્યની મદદથી સ્થળાંતર કરે છે.

૬. મજબૂત સુગંધ અને અવાજની મદદ સાથે પક્ષીઓ સફળતાપૂર્વક સ્થાનાંતરિત કરે છે.

૭. તેઓ એક પેટર્નમાં ઉડાન કરે છે. સૌથી વધુ દશ્યમાન વી આકાર છે. જ્યારે એક પક્ષી ઉડે છે. હવામાં ખસેડવાની ટીપ્સ-ફરતી સર્પાકાર બનાવે છે. આ ચોક્કસ ઝોન બનાવે છે. જ્યાં હવાનો પ્રવાહ ક્યાંતો ઉપરની તરફ અથવા નીચે તરફ થાય છે. જો એક પક્ષી આ ઝોનમાં ઉડે છે, તો તેને હવામાંથી મફત લિફ્ટ મળે છે. એટલા માટે નેતાને પગલે પક્ષીઓ તેમની પાંખોને વારંવાર ફફડાવે છે. અને તેઓ નેતા સાથે સરકાઇ શકે છે. તે તેમની ઉર્જાની જાળવણી કરે છે. દરેક પક્ષી તે પક્ષીથી થોડુ ઉપર ઉડે છે. પરિણામે પવનનાં પ્રતિકારમાં ઘટાડો થાય છે. જ્યારે નેતા થાકી જાય છે. ત્યારે બીજા પક્ષીઓ આગેવાની લે છે. આરામ માટે રોકવા પહેલા આ રીતે, તેઓ લાંબા સમય સુધી ઉડાન કરી શકે છે.

૮. સંચાર અને સંકલન રચના જૂથમાં મદદરૂપ થાય છે. એર શોમાં આ રચના સામાન્ય છે. પરંતુ તે પદ્ધતિ પક્ષીઓનાં હોશિયાર ટોળાંઓ દ્વારા પ્રેરિત હતી. ઘણા પક્ષીઓ ટકી રહેવા માટે સ્થળાંતર કરે છે. જો કે આ પ્રવાસ જોખમોની વિશાળ શ્રેણી રજૂ કરે છે. લાંબા પ્રવાસમાં તેમની સૌથી મોટી ધમકીઓમાં શિકારી, નિર્જલીકરણ, ભૂખમરો, માનવ પ્રવૃત્તિઓના કારણે મહાસાગર, પવનચક્કી, વીજ મથકો, ભારે આબોહવામાં પરિવર્તન, પ્રદૂષણ અને સ્કાયર સ્કેપરનો સમાવેશ થાય છે. વૈશ્વિક પહોંચ પક્ષીઓને સ્થળાંતરીત થતા ધમકીઓ તેમના ઈકોલોજીકલ મહત્વ અને સંરક્ષણ માટેની આવશ્યકતા અંગે જાગરૂકતા વધારવા માટે આ એક પહેલ છે.

ખુશી ત્યારે મળશે જ્યારે તમે જે વિચારો છો, જે કહો છો, અને તે કરો છો, અને એ તમારી સંવાદિતામાં હોય **-મહાત્મા ગાંધી**

# મિત્રતાની સુવાસ



એક અમરપુર નામનું નાનકડું ગામ હતું. ગામની ભાગોળમાં એક નાનકડું તળાવ હતું. તળાવમાં માછલા, દેડકાં, બતક, બગલા વગેરે રહેતા હતાં. તળાવમાં એક તરવરિયો કાચબો પણ રહેતો હતો. તે દેખાવમાં ખૂબ સુંદર હતો. તળાવ કિનારે આવી લપ લપ કર્યા કરે અને થોડા સમય પછી પાછો પાણીમાં જતો રહે.

આ તળાવમાં ગામનાં ઘણા બધા પશુ, પંખી અને પ્રાણીઓ પાણી પીવા માટે આવતાં. અમરપુર ગામનાં રૂડા રબારીની ગવરી ભેંસ પણ રોજ પાણી પીવા અને નહાવા માટે આ તળાવમાં આવતી. ભેંસ પાણીમાં નાહી કિનારા પર આળોટતી. જ્યારે ગવરી ભેંસ આળોટતી એટલે પેલો તરવરિયો કાચબો તેના પર બેસી જતો અને ભેંસ પર ફરવાની મજા માણતો. ભેંસને જવાનો સમય થાય એટલે તે કાચબો ધીમેથી ઉતરી પાણીમાં જતો રહેતો. આવુ રોજ ચાલ્યાં કરતું.

સમય જતાં ધીમે ધીમે ગવરી ભેંસ અને તરવરિયા કાચબાને મિત્રતા બંધાણી. બંનેને એકબીજા વગર ચાલે નહી. બંને જણા રોજ ભેગા થતા અને વાતો કરતાં.

ભગવાને બનાવેલ ઋતુચક્ર પ્રમાણે ઉનાળાની ઋતુ આવી. તળાવનું પાણી સૂકાવા લાગ્યું. તળાવમાંનું પાણી સૂકાતાં-સૂકાતાં થોડુંક જ રહ્યું. એટલે કાચબો ચિંતા કરવા લાગ્યો અને ભેંસને કહેવા લાગ્યો, 'હવે તળાવનું પાણી બે-ત્રણ દિવસમાં સૂકાઇ જશે. ત્યારે હુ શુ કરીશ ? ક્યાં જઇશ ?' ગવરી ભેંસને પણ તરવરિયા કાચબાની વાત સાંભળી ચિંતા થવા લાગી.



**ખોડાભાઈ પટેલ (ધર્મેશ)**
**આચાર્ય, મહેસાણા**

થોડો સમય વિચારતાં તેને એક વિચાર આવ્યો અને કાચબાને કહ્યું, 'તુ ચિંતા ન કર. મારા માલિકે મારા માટે પાણી પીવાનો હવાડો બનાવ્યો છે.

ચાલ, તુ મારી સાથે મારા પર બેસી જા અને એ હવાડામાં તુ રહેજે. આપણે ત્યાં રોજ મળીશું અને વાતો કરીશું. પછી જ્યારે ચોમાસુ આવશે ને તળાવ ભરાશે ત્યારે હુ તને તળાવમાં મૂકી જઇશ' ગવરી ભેંસની વાત સાંભળી તરવરિયો કાચબો રાજીનો રેડ થઇ ગયો. ભેંસનો આભાર માની ભેંસ પર બેસી હવાડામાં આવ્યો અને સુખે રહેવા લાગ્યો.

ભેંસ પાણી પીવા હવાડામાં આવતી ત્યારે બંને જણા વાતો કરતાં. આમ આ બંનેની સાચી મિત્રતાની સુવાસ દિવસે દિવસે ચારે દિશામાં ફેલાતી ગઇ.

## શ્રી વશિષ્ઠ વિદ્યાલયમાં "શિક્ષક સજ્જતા સેમિનાર" યોજાયો

જે વ્યક્તિ સતત નવું શીખવાની તત્પરતા દાખવે છે અને સાચી દિશામાં પ્રયત્ન કરે છે તે પ્રગતિને પામે છે. જીવનમાં પુરુષાર્થનું ખૂબ મહત્ત્વ છે. કેટલાક લોકો માને છે કે સખત પુરુષાર્થ કરવાથી થાક લાગે. હકીકત એ છે કે રસ, ઉત્સાહ અને પ્રેમથી કરેલા સખત પુરુષાર્થનો થાક નથી લાગતો, પરંતુ આનંદની અનુભૂતિ થાય છે. જે દિવસે ઓપનિંગ બેટ્સમેન નોટ આઉટ રહી સદી ફટકારે છે ત્યારે તેને સતત ચાર કલાક ઊભું રહેવું પડે છે, છતાં તે આનંદિત હોય છે.

શ્રી વિનોદભાઇ મકવાણાએ કેન્દ્રમાં રાખીને વિવિધ પ્રવૃત્તિઓ સાથે સુંદર માહિતી આપી હતી. અભિનયગીત અને બાળગીત દ્વારા શિક્ષકોને આનંદથી રસતરબોળ કર્યા હતાં.

સેમિનારના પ્રતિભાવમાં શિક્ષકોએ જણાવ્યું હતું કે આ સેમિનારમાં અમને ઘણું નવું જાણવા-શીખવા મળ્યું છે.







## "મહુવામાં ચા વેચી દીકરીને ભણાવી"

મહુવામાં જનરલ હોસ્પિટલની બાજુમાં છેલ્લા ૨૫ વર્ષથી ચા વેચી પોતાનું ગુજરાન ચલાવતા ચુડાસમા બળવંતભાઇ નાથુભાઇ. બળવંતભાઇ પોતાની દીકરી એકતાના અભ્યાસ બાબતે ખૂબ જાગૃત એકતાને પોતાની પરિસ્થિતિ કે પોતાની આવક બાબતે ક્યારેય અણસાર સુદ્ધા ન આવવા દઇ દીકરીને ભણાવી. દીકરી એકતાને મહુવાની શ્રેષ્ઠ શાળા બેલુર વિદ્યાલયમાં ભણવા મુકી. સાથે સાથે બેલુરના ટ્રસ્ટી તથા સ્ટાફગણને પોતાની દીકરીના સ્વપ્નાઓ સફળ બનાવવા પ્રયત્નશીલ બનવા અનુરોધ કરતાં. આ તકે બેલુર વિદ્યાલયના એમ.ડી શ્રી બી.સી. બાદુમોર સાહેબના માર્ગદર્શનથી આને સ્ટાફગણ તથા એકતાની મહેનતની ધગશથી તાજેતરમાં એચ.એસ.સી. ૨૦૧૮માં ૧૨કોમર્સમાં ૯૮.૭૬ પર્સનટાઇલ સાથે બેલુર વિદ્યાલયમાં દ્રિતીય સ્થાને આવી. તથા મહુવા કેન્દ્રમાં ટોપ-૧૦માં સામેલ થઇ. આમ એકતાએ પોતાના પિતા બળવંતભાઇને પોતાની મહેનત અને ટોપ પરિણામથી ખુશીની ગીફ્ટ આપી. આજે બળવંતભાઇ તથા પોતાના બેલુર પરિવારનો અને ખાસ કરીને શ્રી બાલુભાઇ મકવાણાના ખુબ ખુબ આભાર માને છે કે પોતાની દીકરીને આજે આકાશને



આંબવા માટેની તક પુરી પાડી.

આ તકે બેલુર વિદ્યાલયના ટ્રસ્ટીગણ સ્ટાફ ગણ તથા બેલુર પરિવારે એકતા તથા તેમના પરિવારને લાખ.. લાખ.. અભિનંદન પાઠવેલ. અને આવનાર ભવિષ્યમાં તમામ પરીક્ષાઓમાં પોતાનું, પરિવારનું તથા બેલુર વિદ્યાલયનું નામ રોશન કરે તેવી શુભકામના.

## અધિકમાસની શાસ્ત્રોક્ત સમજણ



સૂર્ય જેટલો સમય એક રાશિમાં રહે અને સૌરમાસ કહેવાય છે. આ બાર સૌરમાસ (સંક્રાંતિ)ને એક વર્ષ કહેવાય. સૂર્ય ગતિ સિદ્ધાંત અનુસાર ૩૬૫ દિવસ, ૧૫ ઘડી (છ કલાક) ૯ મિનિટ અને ૯ સેકન્ડનો સમય થાય, જ્યારે શુક્લપક્ષની એકમથી કૃષ્ણપક્ષની અમાવસ્યા સુધીના સમયને ચંદ્રમાસ કહેવાય છે. આવા બાર માસોનું એક ચંદ્ર વર્ષ થાય. જે ૩૫૪ દિવસ ૮ કલાક, ૪૮ મિનિટ અને ૨૪ સેકન્ડનો સમય થાય જેને ચંદ્રમાસ કહેવાય. આ વ્યવસ્થા પ્રમાણે પ્રતિ વર્ષ ગતિમાં ૧૦ દિવસ, ૫૩ ઘડી, ૩૦ પલ અને ૬ વિપલનું સૌરમાસ અને ચંદ્રમાસ વચ્ચે અંતર પડે. એટલે દર ૩૨ માસ, ૧૬ દિવસ, ૪ ઘડી પછી એક અધિકમાસ આવે, જેનો સમય ૨૯ પલ, અને ૭ વિપલનો હોય છે. તેમ શ્રી પ્રદિપભાઇ ખીમાણી જણાવે છે.

## પ્રસિદ્ધ કવિ



એક રામપુર નામનું ગામ હતું. તેમાં એક દરબાર રહેતો હતો. તેની સાથે તેની પત્ની અને તેનો દીકરો રહેતો હતો. તે છોકરાનું નામ સુરસિંહજી તખ્તસિંહજી ગોહિલ હતું. તેનું ઉપનામ કલાપી હતું.

તે ભણવામાં બહુ હોશિયાર હતાં પણ તેને ગીત ગાતા ઘણું આવડતું પણ તે ગીત ગાવા જતા નહિં. અને તે ગીત ગાવામાં શરમાતા હતાં. એક દિવસ સ્કૂલે સભામાં જાહેર કર્યું કે સરકારે ગીત સ્પર્ધાનું આયોજન કર્યું છે. જેમાં નંબર આવે તો તેને પૈસા મળે અને તાલુકા કક્ષાએ ગાવાનું, જીલ્લા કક્ષાએ ગાવાનું તેમ ઉપરના સ્તરે વધતુ રહેવાનું અને નંબર આવે તો જગમાં પ્રસિદ્ધ થઇ જાય.

કલાપીને રસ હતો પણ તે રહ્યાં નહિં. તેના શિક્ષકે તેને સમજાવતા કહ્યું કે જો બેટા, જીવનમાં આગળ વધવું હોય તો શરમ રાખવી નહીં.

તે તેના શિક્ષકની વાત મનમાં ઉતારી લીધી અને તેણે પોતાની જાતે ગીત બનાવીને ગાયું અને તેનો પહેલો નંબર આવ્યો. તેમ કરતાં – કરતાં તાલુકા કક્ષાએ, જીલ્લા કક્ષાએ તેમ ઉપરના સ્તર સુધી તેણે પહેલો નંબર પ્રાપ્ત થયો અને તે આજે ગુજરાતનાં પ્રસિદ્ધ કવિ છે.

**બોધ:** જીવનમાં આગળ વધવા માટે શરમ રાખવી ન જોઇએ.



## જો જો પાછા હસતા નહી

### આ પ્રકાશ ગયો ક્યાં?

સાહેબ "પ્રકાશ" વિશે વિદ્યાર્થીઓને સમજાવવા લેબોરેટરીમાં મીણબત્તી સળગાવી અને પૂછ્યું - બોલો તો બેટા આ પ્રકાશ ક્યાંથી આવ્યો?
બધા વર્ગમાં શાંત બેઠા, કોઈ જવાબ ન આપી શક્યું..
છેલ્લી બેન્ચીસ પર બેઠેલો બાધો ઉઠ્યો અને ફૂંક મારીને મીણબત્તી ઓલવીને પૂછ્યું - હવે તમે બોલો, આ પ્રકાશ ગયો ક્યાં?

### અભણ નેતા...

એક અભણ નેતા હેલ્થ મિનિસ્ટર બની ગયો, અને બનતા જ તેણે એક હોસ્પિટલ પર રેડ પાડી..
તેણે જોયું કે, ૨ પેશન્ટોને ઓક્સીજન સિલેંડર લગાવ્યું છે અને ત્રીજા ને નહી..
મિનિસ્ટરે એક
અક્કડથી પૂછ્યું - "આ બે મરીજોને સી.એન.જી. લગાવ્યું છે, ત્રીજા ને કેમ નહીં?"
ડોક્ટરે તે મિનિસ્ટરને પહેલા તો ઉપરથી નીચેની તરફ ધ્યાન થી જોયું...
અને શાંતિથી કહ્યું - "સાહેબ, આ ત્રીજો પેટ્રોલ પર છે.

### ફેલ ના થતો?

પિતા: તારા રીઝલ્ટનું શું થયું?
પુત્ર: સરે કહ્યું કે હજી એક વર્ષ આ ક્લાસમાં રહેવું પડશે.
પિતા: ભલે ૨-૩ વર્ષ રહેવું પડે પણ ફેલ ના થતો

### આજે તો ફાઇનલ છે?

પપ્પુ ડોક્ટર ને જ્યારે હું સુવું છું તો સપનામાં વાંદરાઓ ફૂટબોલ રમે છે.
**ડોક્ટર:** કોઈ વાંધો નથી, આ દવા રાતે સૂતા પહેલા લઇ લેજો.
**પપ્પુ:** કાલ થી દવા લઇશ સાહેબ, આજે તો ફાઇનલ છે.

### તું ક્યા છે?

તું ક્યા છે?
અરે જ્યાં છે ત્યાં જ રહેજે ૫-૧૦ મિનીટ માટે...
કેમકે બહાર વાંદરા પકડવા વાળા આવ્યા છે.
હવે દોસ્તીમાં આભાર ના બોલાય હોપ આટલું તો તારા માટે કરીજ શકું હું.